# ગુજરાતી સાહિત્ય પ્રશ્નપત્ર - 1

1. ઝવેરચંદ મેઘાણીની કઈ નવલકથામાં 'ભૂચર મોરીના યુદ્ધ'નું વર્ણન કરવામાં આવ્યું છે ?

(A) સોરઠ તારાં વહેતાં પાણી (B) સમરાંગણ (C)વેવિશાળ (D)રા' ગંગાજળિયો

2. ગુજરાતી ભાષાની સૌપ્રથમ જાનપદી નવલકથા " સોરઠ તારાં વહેતા પાણી' ના લેખક કોણ છે ?

(A) કનૈયાલાલ મુનશી (B) ઝવેરચંદ મેઘાણી (C)જોસેફ મેકવાન (D) મનુભાઈ પંચોળી

3. ગુજરાત સરકાર દ્વારા સૌપ્રથમ " સાહિત્ય ગૌરવ પુરસ્કાર" કોને એનાયત કરવામાં આવ્યો હતો ?

(A) ઉમાશંકર જોશી (B) વિષ્ણુપ્રસાદ ત્રિવેદી (C) સુંદરમ્ (D) પન્નાલાલ પટેલ

4.' નિશાન ચૂક માફ નહિ માફ નીચું નિશાન' આ પંક્તિના રચિયતા કોણ છે ?

(A) કલાપી (B)બ.ક.ઠાકોર (C) સુન્દરમ (D) નરસિંહ દિવેટિયા 5.

6.' કવિશ્વર દલપતરાય એવોર્ડ' વર્ષ- ૨૦૧૬માં કોને એનાયત કરવામાં આવ્યો હતો ?

(A) નલીન રાવળ (B) રમેશ આચાર્ય (C) નયન દેસાઈ (D) હર્ષદ ત્રિવેદી

7. સામયિક અને પ્રકાશન વિશે યોગ્ય જોડકા જોડો

| | |
|---|---|
| (1) શબ્દસૃષ્ટિ | (a) ભારતીય વિદ્યાભવન |
| (2) પરબ | (b)ગુજરાતી સાહિત્ય પરિષદ |
| (3) બુદ્ધિપ્રકાશ | (c)ગુજરાત વિદ્યાસભા |
| (4) નવનીત સમર્પણ | (d)ગુજરાત સાહિત્ય અકાદમી |

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c (B) 1 – a, 2 – b, 3 – c, 4 – d

(C) 1 – c, 2 – a, 3 – d, 4 – b (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

8. પ્રો. શરીફા વીજળીવાળાની કૃતિ ' વિભાજનની વ્યથા'ને વર્ષ -2018માં સાહિત્ય અકાદમી એવોર્ડ એનાયત થયો હતો તે કૃતિનો સાહિત્યપ્રકાર જણાવો.

(A) નિબંધ (B) નવલિકા (C) વિવેચનગ્રંથ (D) નવલકથા

9. નીચેનામાંથી કયો ઉપમા અલંકાર નથી તે ઓળખાવો.

(A)'રૂપે અરૂણ ઉદય સરખો'

(B) 'કાળજે ઊંડા કળણ છે, છદ્મ જેવી જિંદગી'

(C)'મા તે મા, બીજા બધા વનવગડાના વા'

(D)'ગુલછડી સમોવડી તે બાલિકા હતી'

10. " દાણો ચાંપી જોવો"- રૂઢિપ્રયોગનો સાચો અર્થ જણાવો.

(A) પ્રયત્ન કરી જોવો (B)પાણી માપવું (C) મદદ કરવી (D) દાણો કઠણ રહી જવો.

11. રશિયાના મહાન લેખક ટોલ્સ્ટોયની નવલકથાનું ગુજરાતીમાં ભાષાંતર " યુદ્ધ અને શાંતિ'નું ભાષાંતર કરનાર ગુજરાતી લેખક કોણ છે ?

(A)જયંતિ દલાલ (B)જયંત પાઠક (C)જ્યોતીન્દ્ર દવે (D)જયેશ ઠાકર

www.gnanbhandar.com

12. "બોલે મોર મહાતૂરો, હોયે ખાટી છાશ, પડે મેઘ મહી ઉપરે, રાખો રૂડા આશ." કોનું ઉદાહરણ છે. (GPSC-21)

(A) છપ્પા (B) ભડલી વાક્ય (C) ચાબખા (D) લગ્નગીત

13." હું સ્વપ્નોનો સુરમો લઈ જન્મ્યો હતો, પણ હવે તો મેશ પણ મળતી નથી ?"- આ પંક્તિ ક્યા કવિની છે ?

(A) ઉમાશંકર જોશી (B) નિરંજન ભગત (C) જગદીશ જોશી (D) હરિહર ભટ્ટ

14. શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો.

ચંદ્રવંશી કૂરુકુળમાં જન્મેલા અર્જુનના પૌત્ર

(A) ઘટોત્કચ (B) યદુપતિ (C) પરીક્ષિત (D) અભિમન્યુ

15.. " ઢાઈ અક્ષર પ્રેમકે, પઢે સો પંડિત હોય"- સુપ્રસિદ્ધ પંક્તિ કોની છે ?

(A) દાદૂ દયાલ (B) કબીર (C) ગુરૂ નાનક (D) દયારામ

16. ગુજરાતી સાહિત્ય સ્વરૂપ અને કૃતિ વિશે યોગ્ય જોડકા જોડો

(1) નેમિનાથ ચતુષ્પાદિકા (a) જાનપદી નવલકથા

(2) હંસરાજ વચ્છરાજ ચોપાઈ (b) પદ્યવાર્તા

(3) કોલંબસનો વૃતાંત (c) બારમાસી કાવ્ય

(4) સોરઠ તારાં વહેતાં પાણી (d) જીવનચરિત્ર

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c (B)1 – a, 2 – b, 3 – c, 4 – d

(C) 1 – c, 2 – b, 3 – d, 4 – a (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

17. ' કજોડા' નાટકના લેખક કોણ છે ?

(A) રણછોડ દવે (B)ચ.ચી. મહેતા (C) કેશવલાલ પરીખ (D) જયંતિ દલાલ

18. ' નવાણ પીતું હોય નીર' પંક્તિમાં ' નવાણ'નો સમાનાર્થી શબ્દ કયો છે ?

(A) જળાશય (B) પનઘટ (C) નાવણ (D) રસોઈઘર

19. શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો.

ખાંડેલા ચોખાનું ઝીણું ઝટકામણ

(A) કચરો (B) ફોતરાં (C) કુશકી (D) કણસલાં

20. 'સોના – નાવડી' ક્યા સર્જકની સમગ્ર કવિતાઓનો સંગ્રહ છે ?

(A) ઝવેરચંદ મેઘાણી (B) બાલાભાઈ દેસાઇ (C) ધનસુખલાલ મહેતા (D) ગુણવંત આચાર્ય

21 આપેલ સમાસનો ફક્ત નામ આપો. - જીવનદીપ

(A) બહુવ્રિહી (B) કર્મધારય (C) મધ્યમપદ લોપી (D) તત્પુરૂષ

22. બે પદસમૂહો કે વાકયોને જોડનારને શું કહે છે ?

(A) અનુગ (B) ઉભયાન્વયી (C) નામયોગી (D) નિપાત

23. ક્યા ગુજરાતી સાહિત્યકારનું ઉપનામ " શ્રવણ' છે ?

(A) ઉમાશંકર જોશી (B)આનંદરાય રાવળ (C) જગન્નાથ ત્રિપાઠી (D)જન્મશંકર બૂચ

www.gnanbhandar.com

24. નીચેનામાંથી કયા વાકયમાં ક્રિયાપદ નથી ?

(A) સૌથી મોટા અન્નપાણી (B) શું તું ત્યાં રહેવા જતો હતો?

(C) મારે ભૂરી નથી વેચવી, નથી વેચવી (D) એણે કંટાળીને નિસાસો નાખ્યો !

25. નીચેનામાંથી કયો શબ્દ " રવાનુકારી" નથી ?

(A) ખદખદ (B) બૂડબૂડ (C) ગણગણાટ (D) મઘમઘાટ

26. ગુજરાતી ભાષાની શ્રેષ્ઠ ફિલ્મ ' રેવા' ધ્રુવ ભટ્ટની કઈ નવલકથા પર આધારિત બની છે ?

(A) તત્વમસિ (B) સમુદ્રાન્તિકે (C) અકૂપાર (D) અતરાપી

27. નીચેનામાંથી કર્તરિ વાકય રચના કઈ છે ?

(A) જમ્યા પછી પાન સોપારી આપવામાં આવ્યા.

(B) મારાથી કદી પૂછાયું નથી.

(C) પરીક્ષામાં દસ વિદ્યાર્થીઓને પાસ કરવામાં આવ્યા.

(D) તમે અંગ્રેજીનો અર્થ કરશો કે ?

28. ' મહિષી' શબ્દનો સમાનાર્થી શબ્દ આપો.

(A) ઈચ્છા (B) ભેંસ (C) માતા (D) બહેન

29. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કોના વિશે એવું કહેવાતું કે " રસ નિરૂપણમાં કોઈ કવિ તેમના પેંગડામાં પગ નાખી શકે તેમ નથી".

(A) ભાલણ (B) નાકર (C) દયારામ (D) પ્રેમાનંદ

30. ગુજરાતી સાહિત્યની પ્રથમ કૃતિ અને લેખક વિશે યોગ્ય જોડકા જોડો

| | |
|---|---|
| (1) સૌપ્રથમ ગુજરાતી કવિતા(બાપાની પીંપર) | (a) રમણભાઈ નીલકંઠ |
| (2) આધુનિક સચિત્ર જ્ઞાનકોશ(પ્રસન્નિકા જ્ઞાનકોશ) | (b) પ્રાણલાલ એદલજીડોસા |
| (3) પ્રથમ ઇતિહાસ (ગુજરાતનો ઇતિહાસ) | (c) બંસીધર શુક્લ |
| (4) પ્રથમ હાસ્ય નવલકથા(ભદ્રંભદ્ર) | (d) દલપતરામ |

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c (B) 1 – a, 2 – b, 3 – c, 4 – d

(C) 1 – c, 2 – b, 3 – d, 4 – a (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

31. ' હું ઢીલો પડું, પણ એ કદાપિ ન જ પડે'- સંયોજક શોધો.

(A) હું (B) પણ (C) એ (D) જ

32. ગુજરાતી ભાષાના જાગૃત ચોકીદાર તરીકે કોણ ગણાય છે ?

(A) મનુભાઈ પંચોળી (B) ઉમાશંકર જોશી (C) કનૈયાલાલ મુનશી (D) ઝવેરચંદ મેઘાણી

33. ' રોતા ઝરણાની આંખ મારે લ્હોવી હતી"- અલંકાર ઓળખાવો.

(A) રૂપક (B) વ્યતિરેક (C) અનન્વય (D) સજીવારોપણ

34. નીચે જણાવેલ શબ્દનો અર્થ (શબ્દ સમજૂતી)દર્શાવો. – ' દયિત '

(A) દયનિય (B) આનંદિત (C) પ્રિય (D) દયાથી ભરેલું

www.gnanbhandar.com

35. ગુજરાત સાહિત્ય અકાદમી સંસ્થા દ્વારા કયું સામયિક પ્રકાશિત કરવામાં આવે છે ?

(A) બુદ્ધિપ્રકાશ (B) પરબ (C) શબ્દસૃષ્ટિ (D) કુમાર

36. રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો. – ટીંબો બની જવું

(A) ખૂબ જ હરિયાળી હોવી (B) ખેદાનમેદાન કરી નાખવું

(C) મહાદુખ વેઠવું (D) કામ બગડી જવું

37. શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો.

મદિરા જેવી મોહક આંખોવાળી

(A) મિનાક્ષી (B) મદિરાક્ષી (C) શૂલક્ષી (D) શરાબક્ષી

39. ગુજરાતી ભાષામાં 'ક્રોસરોડ' મહાનવલના લેખક કોણ છે ?

(A) કુન્દનિકા કાપડિયા (B) વર્ષા અડાલજા (C) સુરેશ જોશી (D) રઘુવીર ચૌધરી

40. નીચે આપેલ વાકયનો કર્તરિપ્રયોગનો સાચો વિકલ્પ શોધો.

(A) સારું થયું કે રમેશભાઈ છૂટી જવાયું.

(B) સારું થયું કે રમેશભાઈ છૂટી ગયા.

(C) રમેશભાઈ સારું થઈ ગયું.

(D) સારું થયું કે રમેશભાઈ આવી જશે.

41. વાસ્તવલક્ષી અને જાનપદી નવલકથાઓનું નખશિખ કલાસ્વરૂપ ઘડનાર લેખક કોણ છે ?

(A) પન્નાલાલ પટેલ (B) ઝવેરચંદ મેઘાણી (C) ઉમાશંકર જોશી (D) ઈશ્વર પેટલીકર

42. નીચે આપેલ સાદા વાકયને જોડતા યોગ્ય સંયોજકને વિકલ્પમાંથી શોધો.

ડૉક્ટરને કંઈ જ ન સમજાય, આ બે શબ્દો એની મદદે આવે છે.

(A) ત્યારે (B) કેમ કે (C) તેમ છતાં (D) પછી

43. ક્યા ગુજરાતી સાહિત્યકારે અતિ પ્રાચીન ગ્રંથ ઋગ્વેદને ' આર્યોના જનજીવનની આરસી' કહી છે ?

(A) મનુભાઈ પંચોળી (B) રઘુવીર ચૌધરી (C) ઉમાશંકર જોશી (D) ગો.મા.ત્રિપાઠી

44. નીચે આપેલા અર્થભેદ : શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ શોધો.

(A) સફર- રસ્તો (B) લક્ષ્ય – ધ્યેય (C) સફળ – સાર્થક (D) લક્ષ – લાખ

45. નીચે આપેલ વાકયનો નિપાત ઓળખાવો.

કેવળ તમારા માન ખાતર હું આવીશ

(A) માન (B) કેવળ (C) (A) અને (B) બંને (D) ખાતર

46.' શીલ વિનાની વિદ્યા એ વાંઝણી વિદ્યા છે'- આ વિધાન કોનું છે ?

(A) નાનાભાઈ ભટ્ટ (B) ઉમાશંકર જોશી (C) રાજેન્દ્ર શાહ (D) રઘુવીર ચૌધરી

47. ગુજરાતી સાહિત્યની પ્રકાર અને તેના જનક વિશે યોગ્ય જોડકા જોડો

| | |
|---|---|
| (1) જાનપદી નવલકથા | (a) કનૈયાલાલ મુનશી |
| (2) ઐતિહાસિક નવલકથા | (b) પન્નાલાલ પટેલ |
| (3) દરિયાઈ સાહસકથા | (c) કાકા કાલેલકર |

www.gnanbhandar.com

(4) પ્રવાસ નિબંધ (d) ગુણવંત આચાર્ય

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c (B) 1 – a, 2 – b, 3 – c, 4 – d

(C) 1 – c, 2 – b, 3 – d, 4 – a (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

48. આપેલ સમાસનો ફક્ત નામ આપો. – અનુપમ

(A) બહુવ્રિહી (B) કર્મધારય (C) મધ્યમપદ લોપી (D) તત્પુરૂષ

49. નીચે આપેલ વાકયમાંથી રેખાંકિત ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો.

કુસ્તી મેદાનમાં લડાય

(A) કારણવાચક (B) હેતુવાચક (C) સ્થળવાચક (D) સમયવાચક

50.‘ મોહે પનઘટ પર નંદલાલ છેડ ગયો રે, સાહ્યબો મારો ગુલાબનો છોડ’ ગીતના રચયિતા કોણ હતા ?

(A) રઘુનાથ બ્રહ્મભટ્ટ (B) રાજેન્દ્ર શાહ (C) ઝવેરચંદ મેઘાણી (D) રમેશ કોઠારી

51. ગુજરાતી સાહિત્યકાર કિશોરલાલ મશરૂવાળાનું તખલ્લુસ નામ શું છે ?

(A) આશ્રમનો ઉલ્લુ (B) સ્વપ્નદ્રષ્ટા (C) નંદ સામવેદી (D) રામવૃંદાવની

52. નીચે દર્શાવેલ લેખક અને તેમના ઉપનામો વિશે જોડકા યોગ્ય રીતે જોડો

(1) બરકતઅલી વિરાણી (a) શૌનિક

(2) સચ્ચિદાનંદ વાત્સ્યાયન (b) સુંદરમ

(3) ત્રિભુવનદાસ લુહાર (c) અજ્ઞેય

(4) અનંતરાય રાવળ (d) બેફામ

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c (B) 1 – a, 2 – b, 3 – c, 4 – d

(C) 1 – c, 2 – b, 3 – d, 4 – a (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

53. શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો.

દેશ બહાર સંસ્થાઓ લઈ જવાતા મજૂરોનું કરારપત્ર

(A) સોગંધનામું (B) બાનાખત (C) ગિરમીટ (D) કરારપત્ર

54. રેખાંકિત પદનો કૃદંતનો પ્રકાર શોધી જણાવો.

વધારે રખડનાર સફળ થતો નથી.

(A) ભૂતકૃદંત (B) ભવિષ્યકૃદંત (C) વિધ્યર્થકૃદંત (D) સંબંધક કૃદંત

55. નીચે આપેલ કહેવાતનો સાચા અર્થવાળો વિકલ્પ શોધો.

ઘેટી ચરવા ગઈને ઊન મૂકીને આવી.

(A) ઘેટીને બહાર ચરવા ના મોકલાય

(B) ઊન ખૂબ જ મૂલ્યવાન હોય છે.

(C) સામે ચાલીને આવતો ફાયદો

(D) થોડોક ફાયદો મેળવવા જતાં મોટી હાનિ વેઠવી.

www.gnanbhandar.com

56. શબ્દસમૂહ માટે એક શબ્દનો સાચો વિકલ્પ પસંદ કરો.

આંગળીઓથી લીંપણમાં કરાતી ભાત

(A) લીંપણકામ (B) ગારો (C) <u>વેલબુટ્ટી</u> (D) ઓકળી

57. ગુજરાતી સાહિત્યમાં કયો કવિ ' ગુજરાતી કવિતાનો નાયગરા ધોધ' તરીકે ઓળખાય છે ?

(A) ઉમાશંકર જોશી (B) <u>રમેશ પારેખ</u> (C) જ્યોતીન્દ્ર દવે (D) જયંત પાઠક

58. ગુજરાતી ગઝલકાર મરીઝનું આખું નામ જણાવો ?

(A) અબ્દુલ અનવરહુસેન વાસી (B) <u>અબ્બાસ અબ્દુલઅલી વાસી</u>

(C) અનવર કાદીરઅલી વાસી (D) અલ્તાફ શોકતઅલી વાસી

59. ગીરની ' ચારણ કન્યા' જેણે લાકડી લઈને સાવજને ભગાડ્યો હતો તેનું મૂળ નામ શું હતું ?

(A) કુંવરબાઈ (B) પાનબાઈ (C) <u>હીરબાઈ</u> (D) મીરાબાઈ

60. 'ગુજરાતી ભાષાને અન્ય ભાષા જેવુ ગૌરવ ન મળે ત્યાં સુધી પાઘડી ન પહેરવાની' પ્રતિજ્ઞા કોણે લીધી હતી ?

(A) શામળ (B) નર્મદ (C) <u>પ્રેમાનંદ</u> (D) દલપતરામ

61. 'શરીરના સંવેદનશીલ ભાગ'– શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(A) સંવેદનસ્થાન (B) સંવેદનશીલ (C) મર્મદાયક (D) <u>મર્મસ્થાન</u>

62. ' આ બધું તમે વાંચી ગયા અને મારી વાત માની પણ લીધી ને !' આ પંક્તિના રચયિતા કોણ છે ?

(A) અનિલ જોશી (B) <u>લાભશંકર ઠાકર</u> (C) રમેશ પારેખ (D) જયંત પાઠક

63. આપેલ સમાસનો ફક્ત નામ આપો. – રણછોડ

(A) બહુવ્રિહી (B) કર્મધારય (C) મધ્યમપદ લોપી (D) <u>ઉપપદ</u>

64. ગુજરાતી કવિ ઉમાશંકર જોશીએ ' વિશાળ જગ વિસ્તારે...." કોના દ્વારા શાનો સંદેશો આપ્યો છે ?

(A) માનવતાનો (B) <u>વિશ્વશાંતિનો</u> (C) પશુપ્રેમનો (D) પર્યાવરણનો

65. ગુજરાતી કહેવાતનો અર્થ જણાવો.

કાળા અક્ષર ભેંસ બરાબર

(A) <u>અજ્ઞાની હોવું</u> (B) નિરક્ષર હોવું (C) ખબર ન પડવી (D) જાહેરમાં ન આવવું

66. સાહિત્યકાર અશોક ચાવડાનું ઉપનામ (તખલ્લુસ) જણાવો.

(A) <u>બેદિલ</u> (B) બેકાર (C) અનન્ય (D) બેનામ

67. નીચે લેખક અને તેમના દ્વારા રચિત કૃતિ દર્શાવી છે, તેમની યોગ્ય જોડનો સાચો ક્રમ કયો થશે ?

1. પ. આનંદશંકર ધ્રુવ — અ. વિભૂતિ પ્રાર્થના

2. રમણભાઈ નીલકંઠ — બ. બુદ્ધ ચરિત

3. નરસિંહરાવ દિવેટિયા — ક. હિન્દુ ધર્મની બાળપોથી

4. નાનાલાલ — ડ. કૃષ્ણાવતાર

(A) 1 –બ, 2 – ડ, 3 – ક, 4 – અ (B) <u>1 – ડ, 2 – બ, 3 – અ, 4 - ક</u>

(C) 1 – ડ, 2 – બ, 3 – ક, 4 - અ (D) 1 –અ, 2 – ડ, 3 – ક, 4 - બ

www.gnanbhandar.com

68. નીચે આપેલ છંદ ઓળખાવો.
“મને બોલાવે આ ગિરિવર તણા મૌન શિખરો.”

(A) મનહર (B) શિખરિણી (C) પૃથ્વી (D) અનુષ્ટુપ

69. નીચે આપેલ છંદના બંધારણ પૈકી કયું બંધારણ શિખરિણીનું છે ?

(A) જસજસયલગા (B) મભનતતગાગા (C) મસજસતતગા (D) યમનસભલગા

70. નીચે આપેલ તળપદા શબ્દનું શિષ્ટરૂપ આપો.–‘ તરોપો’

(A) હોડી (B) નારિયેળ (C) ઠીંકરું (D)તરાપો

71. સંધિ છોડો. - ઉપનિષદ

(A) ઉપનિ + સદ (B) ઉપનિ + શદ (C) ઉપની + સદ (D) ઉપનિ + ષદ

72. આપેલ શબ્દની ધ્વનિઓ કઈ રીતે છોડશો ? - જ્ઞાનચક્ષુ

(A) ધ્ + ન્ + આ + ન્ + અ + ચ્ + ક્ + ષ્ + અ

(B) ગ્ + ન્ + યા + ન્ + અ + ચ્ + ક્ + ષ્ + ઉ

(C) ગ્ + ન્ + આ + ન્ + અ + ચ્ + ક્ + ષ્ + ઉ

(D) ગ્ + ન્ + આ + ન્ + અ + ચ્ + ક્ + શ + ઉ

73. ગુજરાતી કહેવાતનો અર્થ જણાવો.
બાર હાથનું ચીભડું તેર હાથનું બી

(A) વજન વધારે હોવું (B) હાથમાં ન આવવું (C) અશક્ય વાત હોવી (D) શક્તિ ન હોવી

74. નીચે આપેલ છંદ ઓળખાવો.
“ રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ,
નહીં તો ના બને આવું, બોલી માતા ફરી રડી”

(A) મનહર (B) શિખરિણી (C) પૃથ્વી (D) અનુષ્ટુપ

75. શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો.
શબ્દના અર્થનો બોધ કરાવનાર શક્તિ

(A) શબ્દવેધી (B) શબ્દશક્તિ (C) સુબોધ (D) ઉપદેશ

76. સાચી જોડણી શોધો.

(A) પારિતોષિક (B) પારીતોષિક (C) પારિતોશિક (D) પારિતોષીક

77. અલંકાર ઓળખાવો.- ઋતુઓ વૃક્ષોને વહાલ કરતાં થાકતી નથી.

(A) વ્યતિરેક (B) ઉપમા (C) રૂપક (D) સજીવારોપણ

78. સંધિ છોડો. - અભિષેક

(A) અભી+ સેક (B) અભિ + સેક (C) અભિ + શેક (D) અભિ + ષેક

79. નીચે આપેલ છંદ ઓળખાવો.
“ પોલું છે તે વાગ્યું એમાં કરી તે શી કારીગરી,
સાંબેલું વગાડે તો હું જાણું કે તું શાણો છે.”

(A) <u>મનહર</u> (B) શિખરિણી (C) પૃથ્વી (D) અનુષ્ટુપ

80. નીચે દર્શાવેલ જોડકા યોગ્ય રીતે જોડો

| | |
|---|---|
| (1) ગોવર્ધનરામ ત્રિપાઠી | (a) તરંગલીલા |
| (2) કનૈયાલાલ મુનશી | (b) લોપામુદ્રા |
| (3) નરસિંહરાવ દિવેટિયા | (c) સાક્ષરજીવન |
| (4) રામનારાયણ પાઠક | (d) મનોવિહાર |

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c (B) 1 – a, 2 – b, 3 – c, 4 – d

(C) <u>1 – c, 2 – b, 3 – a, 4 – d</u> (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

81. આપેલ શબ્દની ધ્વનિઓ કઈ રીતે છોડશો ? – પ્રત્યક્ષ

(A) પ્ + ર્ + ઇ + ત્ + ય્ + અ + ક્ + ષ્ + આ

(B) પ્ + ર્ + અ + ત્ + ઇ + અ + ક્ + શ્ + અ

(C) પ્ + ર્ + અ + ત્ + ય + અ + ક્ + ષ્ + અ

(D) <u>પ્ + ર્ + અ + ત્ + ય્ + અ + ક્ + ષ્ + અ</u>

82. ઝવેરચંદ મેઘાણીના ક્યા કાવ્યસંગ્રહમાંથી જાણીતી કવિતા ‘ ચારણ કન્યા’ લેવામાં આવી છે ?

(A) કંકાવટી (B) રઢિયાળી રાત (C) <u>વેણીના ફૂલ</u> (D)ચુંદડી

83. અલંકાર ઓળખવો.

મને કેળવણીની માયાજાળમાં ફસાવી દીધો.

(A) વ્યતિરેક (B) ઉપમા (C) <u>રૂપક</u> (D) સજીવારોપણ

84. ગુજરાતી સાહિત્યની પ્રથમ કૃતિ બાબતે અયોગ્ય શોધો.

(A) ગુજરાતી પાક્ષિક – ડાંડિયો – નર્મદ

<u>(B) સચિત્ર માસિક – વીસમી સદી – કંચનલાલ મહેતા</u>

(C) કરૂણપ્રશસ્તિ કાવ્ય – ફાર્બસ વિરહ – દલપતરામ

(D) ગુજરાતી વર્તમાનપત્ર – મુંબઇ સમાચાર – ફરદૂનજી મઝબાન

85. નીચે દર્શાવેલ કૃતિ અને લેખક વિશે જોડકા યોગ્ય રીતે જોડો

| | |
|---|---|
| (1) ગાંધીની કાવડ | (a) વિનોદ ભટ્ટ |
| (2) ઇદમ તૃતીયમ | (b) ઝવેરચંદ મેઘાણી |
| (3) ડીમલાઇટ | (c) રઘુવીર ચૌધરી |
| (4) સિંધુડો | (d) હરિન્દ્ર દવે |

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c (B) 1 – a, 2 – b, 3 – c, 4 – d

(C) 1 – c, 2 – b, 3 – a, 4 – d <u>(D) 1 – d, 2 – a, 3 – c, 4 – b</u>

86..“હું ફૂટપાથ પરનો થાક, ખેતરમાં જઈને ઉતારું છું”- આ પંક્તિ કયા કવિની છે ?

(A) <u>રઘુવીર ચૌધરી</u> (B) મકરંદ દવે (C) ઉમાશંકર જોશી (D) રાવજી પટેલ

www.gnanbhandar.com

87. નીચે દર્શાવેલ લેખક અને તેમના ઉપનામો વિશે જોડકા યોગ્ય રીતે જોડો

(1) જયંતિ દલાલ (a) ઝવેરચંદ મેઘાણી

(2) ઇબ્રાહિમ પટેલ (b) નર્મદ

(3) પ્રેમશૌર્ય (c) બેકાર

(4) સુકાની (d) નિર્વાસિત

**(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c** **(B) 1 – a, 2 – b, 3 – c, 4 – d**

**(C) 1 – c, 2 – b, 3 – d, 4 – a** **(D) 1 – d, 2 – c, 3 – b, 4 – a**

88. સામયિક અને લેખક વિશે યોગ્ય જોડકા જોડો

(1) સંસ્કૃતિ (a) મધુસૂદન પારેખ

(2) કુમાર (b) રા.વી.પાઠક

(3) પ્રસ્થાન (c) બચુભાઈ રાવત

(4) બુદ્ધિપ્રકાશ (d) ઉમાશંકર જોશી

**(A) 1 –b, 2 –a, 3 –d, 4 –c** **(B)1 –a, 2 –b, 3 –c, 4 –d**

**(C) 1 –c, 2 –a, 3 –d, 4 –b** **(D) 1 –d, 2 –c, 3 –b, 4 –a**

89.' મૂછનો દોરો ફૂટવો' રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

**(A)** મોટા માથે મગજમારી કરવી.

**(B)** સાહસના કામ કરવા

**(C)** મુછમાં દોરો લગાવવો

**(D)** જુવાની આવવી

90. 'ભોગળ' શબ્દનો અર્થ જણાવો.

**(A)** બારણું બંધ રાખવાનું આડું લાકડું

**(B)** પટારો બંધ કરવા માટેનું પાટિયું

**(C)** કિલ્લાના દરવાજાની મુખ્ય બારસાખ

**(D)** સિંહાસન ઉપરનું મુખ્ય છત્ર

91. નરસિંહ મહેતાનો પ્રિય છંદ કયો છે ?

**(A)**શાર્દૂલવિક્રિડિત **(B)**પૃથ્વી **(C)**ઝૂલણા **(D)**ચોપાઈ

92. સાચી જોડણી શોધો.

**(A)** સહાનૂભૂતિ **(B)** સહાનુભૂતિ **(C)** સહાનુભૂતી **(D)** સહાનુભુતિ

93. અલંકાર ઓળખાવો.

મારા નેત્ર બંધ હોય ત્યારે મને ઊંઘતો ન સમજાવો તે એક પ્રકારની સમાધિ છે.

**(A)** વ્યાજસ્તુતિ **(B)** સજીવારોપણ **(C)** ઉપમા **(D)** વ્યતિરેક

94. મીરાબાઈએ નાનપણમાં મેડતામાં રહીને કોની પાસેથી ભક્તિના આકંઠ રસ પીધો હતો ?

**(A)** મામા ભોજસિંહ **(B)** દાદા વિક્રમસિંહ **(C)** રાવ દાદુજી **(D)** બાઈ અમૃતા

www.gnanbhandar.com

95. નીચે દર્શાવેલ લેખક અને તેમની કૃતિ વિશે જોડકા યોગ્ય રીતે જોડો

(1) જગતનો ઇતિહાસ (a) રત્નમણિરાવ જોટે

(2) ગુજરાતનો ઇતિહાસ (b) નર્મદ

(3) અમદાવાદનો ઇતિહાસ (c) પ્રાણલાલ એદલજી

(4)ખંભાતનો ઇતિહાસ (d) મગનલાલ વખતચંદ

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c (B) 1 – a, 2 – b, 3 – c, 4 – d

(C) 1 – b, 2 – c, 3 – d 4 – a (D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

96. રઘુવીર ચૌધરીની કઈ કૃતિને જ્ઞાનપીઠ એવોર્ડ એનાયત થયેલ છે ?

(A) પૂર્વરાગ (B) અમૃતા (C) આવરણ (D) ગેરસમજ

97.ક્યા કવિએ પાક લણવાની ઋતુને ‘ મહેનતની મોસમ’ કહી છે ?

(A)ધીરૂભાઈ પરીખ (B)રાજેન્દ્ર શાહ (C)નાથાલાલ દવે (D)હરિન્દ્ર દવે

98. ગુજરાતી સાહિત્યની પ્રથમ કૃતિ બાબતે અયોગ્ય શોધો.

(A) વાર્તાસંગ્રહ – તાર્કિકબોધ- દલપતરામ

(B) મૌલિક નાટક- ગુલાબ – નગીનદાસ મારફતિયા

(C) વાચનમાળા – હોપ વાચનમાળા – દલપતરામ

(D) બૃહદ શબ્દકોશ – ભગવદગોમંડળ – મહારાજા જસવંતસિંહજી

99. નીચે દર્શાવેલ કૃતિ અને લેખક વિશે જોડકા યોગ્ય રીતે જોડો

(1) પેરેલિસિસ (a) કુંદનિકા કાપડિયા

(2) અંધારી ગલીમાં સફેદ ટપકાં (b) ચંદ્રકાંત બક્ષી

(3) સાત પગલાં આકાશમાં (c) મોહમ્મદ માંકડ

(4) કેલિડોસ્કોપ (d) હિમાંશુ શેલત

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c (B) 1 – a, 2 – b, 3 – a, 4 – c

(C) 1 – c, 2 – b, 3 – a, 4 – d (D) 1 – d, 2 – a, 3 – c, 4 – b

100.“તમે મારા દેવના દીધેલ છો, તમે મારા માગી લીધેલ છો, આવ્યા છો ત્યારે અમર થઈને રહો.” – આ ગુજરાતી લોકગીત કયા પ્રકારનું છે ?

(A) લગ્નગીત (B) બાળગીત (C)વ્રતગીત (D) હાલરડું

www.gnanbhandar.com